# કોરોનાના દર્દીને કોરોના જેને થઈ ગયો હોય એનું બ્લડ આપી શકાય ?

***(કોરોનાના દર્દીને કોરોના જેને થઈ ગયો હોય એનું બ્લડ આપી શકાય ?)***

***(કોરોના થઈ ગયેલા એ શું બ્લડ ડોનેશન કરી શકે અને જો બ્લડ ડોનેશન કરે તો અશક્તિ કે બીજા કોઈ રોગ થઈ શકે?)***

આજે રવિવાર બે જણા જ હાજર હતા. ડાહ્યાલાલ અને ગાંડાભાઈ બંને. ગાંડાભાઈએ કહ્યું, ચાલો આજે આપમે ચાલતા - ચાલતા આદુવાળી ચા પીવા જઈએ. બંને જણા ચાલવા માંડ્યા. રોડ ઉપર અચાનક એક ગાડીમાં મોટો અવાજ આવ્યો. ગાડીમાં પંક્ચર પડ્યું. ગાડી ખૂબ ગતિમાં હતી. માંડ માંડ ઊભી રહી. ગાંડાભાઈથી રહેવાયું નહીં... નસીબદાર છો કે બચી ગયા ગાડીના બદા પેસેન્જર... ગાંડાભાઈથી રહેવાયું નહીં ફરી બોલ્યા, શું થવા



માંડ્યું છે. આ ગાડીને કયાં જવું હશે ? કયાં પહોંચવું હશે ને? બીચારા અટકી ગયા. ડાહ્યાભાઈએ કહ્યું, સાચી વાત ગાંડાભાઈ. જીવન સરસ ચાલતું હોય અને અચાનક જીવનમાં આવું પંકચર પડે ત્યારે દુઃખ તો થાય જ ને.... પણ કંઈ વાંધો નહીં. ગાંડાભાઈ જે ટાયરમાં પંકચર પડ્યું છે એ ટાયરને પંકચર સાધી દઈ પંકચર કરી દેવાનું એટલે ગાદી ફરી ચાલું થઈ જાય. એવું જ જીવનનું છે. સરસ મજાનું જીવન જીવતા હોઈએ ત્યાં અચાનક આ કોરોના જેવું મોટું પંકચર આવી જાય. જયારે જીવન તહસ-નહસ થઈ જાય છે. વિશ્વમાં લાખો લોકોના મૃત્યુ થયાં છે અને લાખો લોક કોરોનાને માત આપી જીવી રહ્યા છે. એટલે ગાંડાભાઈ ગભરાવાની જરૂર નથી આવું ન થવું જોઈએ છતાં પણ ભગવાન અથવા તો કોઈક આસુરી શક્તિવાળા માણસો આવું કરે. ભગવાન જો આવું કરે તો પાછળ સારો ઉદ્દેશ્ય હોય. પણ ખરાબ માનસિકતાવાળા લોકો જો આવું કરે એ બહુ ખરાબ છે. પોતાના દેશની અથવા તો પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી પાડવા આવું ખરાબ કામ કરે તે યોગ્ય નથી. પણ ગાંડાભાઈ ભલે પંકચર પડે પણ આપણે પંકચર બનાવીનેઆગળ ચાલીશુંજ. કોરોનામાં પંકચર બનાવવું એટલેશું? કહોડાહ્યાભાઈ, ગાંડાભાઈએકહ્યું, કોરોનાએ વાયરલથી થતો રોગ છે. એટલે જે લોકોની રોગ-પ્રતિકારક શક્તિ સારી હોય તેમને કોરોના કઈ કરી શકતો નથી.



**તન દુરસ્તી**
**મહેન્દ્ર ગજ્જર**

કોરોના થાય અને મટી જાય. સવાલ ફક્ત સાત દિવસનો છે. જે લોકોમાં રોગપ્રતિકારક શક્તિ નબળી હોય એમને ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવા રોગોથી પીડાતા હોય એ લોકોને કોરોનાની ચિંતા વધારે છે અને એ લોકોમાં કોરોનાને લીધે તકલીફ વધારે પડે છે અને એના હિસાબે મૃત્યુ પણ થઈ શકે છે. આ બધી વાત બધા સમજે છે, જાણે છે છતાં પણ પોતાના ઘરમાં કોરોના પોઝીટીવ આવે ત્યારે કોરોનાથી મૃત્યુ જ થઈ જશે એવા ભયથી પીડાય છે. કોરોનાની અસરકારક દવા અથવા તો વેક્સિન બજારમાં હજુ સુધી નથી મળતી એટલે સ્વાભાવિક છે કે દર્દીઓને ચિંતા થાય. સામે ડૉકટર, પેરા મેડિકલ સ્ટાફ અને લેબોરેટરી ત્રણેય લોકો ચિંતામાં છે. કારણ કે કોરોનાનું પ્રેઝન્ટેશન અલગ-અલગ રીતે થઈ રહ્યું છે. મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ટાઈફોઈડ કે કોરોના. આ બધામાં એક સરખી રીતે જ અથવા તો એકસરખા ચિહ્નો સાથે પ્રેઝન્ટેશન થાય છે.

તાવ આવે, ઠંડી લાગે, શરદી ઉપર ચકા થઈ જાય, ઝાડા થઈ જાય, શરીરમાં સાંધાઓ દુઃખે આ જાદુઈ બોક્સમાંથી તમારે ચિઠ્ઠી ખેંચવાની હોય છે. અને એ ચિઠ્ઠીમાં જે નીકળે તેને સાબિત કરવા, ડૉકટર અને લેબોરેટરી પોતાની રીતે મહેનત કરે છે. અત્યારે તો એવી દશા છે કે કશુંક જો નિદાન ન થાય તો તેને વાયરલ ઈન્ફેકશન કે કોરોના જ માનવો જોઈએ. ટૂંકમાં બદાં જ ટેસ્ટ કરાવવા જોઈએ. લેબોરેટરીની સાથે સાથે સીટી સ્કેન પણ ખૂબ જ અગત્યનું થઈ ગયું છે. લેબોરેટરી એન્ટીજન અથવા RT-PCR ને સમર્થન આપવા માટે સીટી સ્કેન ખૂબ જ જરૂરી છે. ટૂંકમાં તાવ આવે તો તમારે મને અથવા કમને -CT-SCAN, RT-PCR, CBC, CRP, IL6, Ferritin, D-Dimer અને મેલેરિયા એન્ટીજન કરાવી જ લેવા જોઈએ. ડાહ્યાભાઈ તમે યાર એ વાત કરતા હતા કોરોનાને લીધે ફાયદો થયો ? શું ફાયદો થયો ધૂળ અને ઠેફા... ડાહ્યાભાઈએ કહ્યું... જેને કોરોના થઈ જાય છે એનામાં કોરોનાના એન્ટીબોડી IgG ડેવલોપ થાય છે જે કોરોનાના દર્દીને મદદ કરી શકે. ગાંડાભાઈ બોલ્યા એ કેવી રીતે મને ના ખબર પડી ? ડાહ્યાભાઈએ કહ્યું, સાંભળો ગાંડાભાઈ જે લોકોને કોરોના થઈ ગયો હોય તે લોકો ૧૪ દિવસ પછી રક્તદાન કરે અને એ રક્તમાં એન્ટીબોડી કોરોનાના હોય છે જેનો કોરોના થયો હોય એવા દર્દીને જો કોરોના જેને મટી ગયો હોય એનું લોહી લઈ તેમાંથી જો પ્લાઝમા કાઢીને આપવામાં આવે તો કોરોનાનો દર્દી ઝડપથી સારો થઈ જાય છે. ગાંડાભાઈ બોલ્યા, ડાહ્યાભાઈ, આમાં લોહી કઈ રીતે અપાય અથવા તો પ્લાઝમાં કઈ રીતે અપાય? ડાહ્યાભાઈએ કહ્યું સામાન્ય રીતે O+Ve અથવા તો O-Nagetive Universal Donor તરીકે ઓળખાય છે.


અને AB-Positive Universal Receptor પોઝીટીવ તરીકે ઓળખાય છે. જયારે પ્લાઝમાની અંદર આનાથી તદન રિવર્સ હોય છે. જેમાં એબી પોઝીટીવ પ્લાઝમા યુનિવર્સ ડોનર તરીકે વાપરી શકાય. સામાન્ય રીતે જો કોરોનાના દર્દીનું બ્લડ ગ્રુપ હોય તે જ પ્લાઝમા આપવું જોઈએ. પણ જો કોરોના થઈ ગયેલા દર્દીનું પ્લાઝમા ના મળતું હોય તો એબી પોઝીટીવ પ્લાઝમા આપી શકાય. આમ તો A Positive વાળાને A Positive નું જ પ્લાઝમા આપવું જોઈએ. B Positive વાળાને B Positive જ આપવું જોઈએ. અને O Positive વાળાને O Positive જ પ્લાઝમા આપવું જોઈએ. જો ઈમરજન્સીમાં કોઈ પ્લાઝમા ના મળે તો AB Positive પ્લાઝમા આપી શકાય.

- shraddhablood@gmail.com

# રક્ષા શક્તિ યુનિવર્સીટીએ યોજ્યો મહત્વપૂર્ણ ભારત તાઈવાન ઉચ્ચ સ્તરીય શૈક્ષણિક, રિસર્ચ અને ઈક્યુબેશન સંવાદ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

ભારત અને તાઈવાન વચ્ચે એક ઉચ્ચ-સ્તરીય શૈક્ષણિક, રિસર્ચ, અને ઈક્યુબેશન 'સંવાદ કાર્યક્રમ'નું આયોજન રક્ષા શક્તિ યુનિવર્સીટી દ્વારા હાલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તાઈવાન સ્થિત પ્રોસ્પેક્ટ ફાઉન્ડેશનના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તાઈવાનનું પ્રતિનિધિત્વ તાઈવાનના વિદેશ મંત્રાલયના નાયબ મંત્રી, એમ્બેસેડર ચુંગ-કવાંગ ટિયન, પ્રોસ્પેક્ટ ફાઉન્ડેશનના વડા, ડૉ તાન-સુન ચેન, નેશનલ ડિફેન્સ યુનિવર્સિટી, તાઈવાનના ડિરેક્ટર, ડૉ મિંગ-શિહ શેન અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ઈન્ડસ્ટ્રી, તાઈવાનના વિદેશ ખાતાના ડિરેક્ટર જનરલ, મિસ વિવિયન હુઆંગે કર્યું હતું.



ભારત તરફથી આ કાર્યક્રમમાં વિદેશ મન્ત્રાલયના સેન્ટર ઓફ કન્ટેમ્પરરી ચાઈના સ્ટડીઝના ડિરેક્ટર જનરલ, લેફ્ટનન્ટ જનરલ એસએલ નરસિમ્હન, ભારત સરકારમાં સ્પેશ્યલ સેક્રેટરી તરીકે નિવૃત થયેલ, ક્રિષ્ન વર્મા તથા રક્ષા શક્તિ યુનિવર્સીટીના ડિરેક્ટર જનરલ, બિમલ એન પટેલે ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન બન્ને દેશના વક્તાઓ દ્વારા ભારત અને તાઈવાન વચ્ચેના સમ્બન્ધોને વધુ ગાઢ બનાવવા પાછળ ભાર મુક્યો હતો. આ દિશામાં ડૉ ચેને કહ્યું કે લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેન મેનેજમેન્ટની સાથે સાથે ઈન્ફેમેશન ટેક્નોલીજીમાં ખાસ કરીને ભારતની સોફ્ટવેર અને તાઈવાનની હાર્ડવેરના ક્ષેત્રમાં પ્રબુદ્ધતાનો સદુપયોગ થઇ શકે એવા અનેક પ્રોજેક્ટ બન્ને દેશ સાથે મળીને કરી શકે છે. ડૉ બિમલ પટેલે પોતાના વક્તવ્ય દરમ્યાન કહ્યું કે ભારત અને તાઈવાનની ગાઢ થતી ભાગીદારી એક શાંત, સ્થિર, અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક વિસ્તાર બનાવવા માટે અત્યન્ત મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની ક્ષમતા રાખે છે. ડૉ ચેનની વાતને આગળ વધારતા ડૉ પટેલે જણાવ્યું કે રક્ષા શક્તિ યુનિવર્સીટીના માધ્યમથી મહિલા પોલીસ કર્મિયોંની ટ્રેનિંગથી લઈને આતંકવાદ વિરુદ્ધની લડતમાં પણ ભારત અને તાઈવાન અનેક રીતે સહયોગ કરી શકે છે.





છેલ્લા કેટલાક દિવસો થી વરસાદી વાતાવરણ અને ગરમીના બાફ દરમ્યાન ગામડાઓમાં કે શહેરમાં અવારનવાર ઝેરી બિન ઝેરી પ્રાણીઓ રહેણાંક વિસ્તારમાં જોવા મળતા હોય છે.... આવો જ એક કિસ્સો રાંધેજા ગામ માં ગુજરાત વિદ્યાપીઠ પાસે આવેલ કેશવ ૨ ૨ ૨ ફ્લેટની સાઈટ પર આશરે ૭ ફૂટથી પણ વધારે લાંબો સર્પ ને દેખાડો દેતા આજુબાજુના રહિશો એ તુરંત સર્પ પ્રેમી એવા ભીખાભાઈ દરબાર ને જાણ કરતા જ ભીખાભાઈ દરબાર એ ઝેરી કોબ્રા સર્પને પકડી ને આ મૂંગા અબોલ ઝેરી બિન ઝેરી પ્રાણી સર્પ વિષે માહિતી આપીને તેમનું રક્ષણ કરવું એ આપણી સંસ્કૃતિ છે એ વિષે આજુબાજુના રહિશો ને જાગૃત કર્યા હતાં. ત્યાર બાદ ઝેરી કોબ્રા સહી સલામત જંગલ વિસ્તારમાં છોડવામાં આવ્યો હતો... વર્ષોથી સર્પ પ્રેમી એવા ભીખાભાઈ દરબાર જેઓ ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે વર્ષોથી ફરજ બજાવે છે.. .રાંધેજા ગામ કે આજુબાજુના વિસ્તારમાં સર્પ દેખાય તુરંત જ ભીખાભાઈ દરબાર નો સંપર્ક કરતાં જ હાજર થઈ ને સર્પ ને પકડીને જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવે છે.

# યુગદ્રષ્ટા શ્રી મુક્તજીવન સ્વામીબાપાનો ૧૧૩મો પ્રાગટ્યોત્સવ દબદબાભેર ઉજવાયો

ગાંધીનગર,તા. ૨૦

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યુગ દ્રષ્ટા શ્રી મુક્તજીવન સ્વામીબાપાનો ૧૧૩ મો પ્રાગટ્યોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિરના બ્રહ્મમહોલમાં પરમ પૂજ્ય આચાર્ય શ્રી પુરુષોત્તપ્રિયદાસજી સ્વામીજી મહારાજના ઉત્તરાધિકારી શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજે ગુરુદેવ મુક્તજીવન સ્વામીબાપાને સ્ટેજ ઉપર બિરાજમાન કરી અને શાહી સ્વાગતના તે તે



પૂજનીય સંતોએ ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપાને શાહી પૂજન કરી અને પોતાની ભક્તિ અદા કરી હતી. ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપાને આજના પાવન દિવસે સુવર્ણ મુગટ, પુષ્પની ચાદર, સુવર્ણના અલંકારો વગેરે ધારણ કરાવી અને કૃતકૃત્યતા અનુભવી હતી. શ્રીજીબાપા સ્વામીબાપાનું પૂજન પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે કર્યું હતું અને ગુરુદેવ મુક્તજીવન સ્વામીબાપાને તુલામાં બિરાજમાન કરી પુષ્પ, સોપારી, ગોળ, શ્રીફળ વગેરે દ્રવ્યોથી તુલા કરવામાં આવી હતી. આ તુલાનાં હજારો હરિભક્તોએ દર્શન ઓનલાઈન કર્યા હતા અને ધન્ય બન્યા હતા. આજે શ્રી મુક્તજીવન સ્વામીબાપાનો ૧૧૩ મો પ્રાગટ્ય ઉત્સવ વિશ્વના તે તે દેશોમાં વસતા મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સંતો - હરિભક્તોએ સરકારશ્રીના નિયમો અનુસાર સોશ્યલ ડિસ્ટન્સના પાલન સહ ઉજવણી કરી હતી.






કોરોના નો કહેર વધી રહ્યો છે. અને જેની અસર નોકરીયાત ધંધાદારી સૌને તકલીફ પડી રહી છે અને આવા સમયે ખાસ ગરીબો કે જેઓ રોજ કમાઈ ને રોજ નું ભોજન જમતા હોય છે ત્યારે ઘણાં ગરીબ પરીવારો ભુખ્યા પેટે સુઈ જાય છે તેઓની વેદનાઓ સમજી કોલવડા ગામના એક વ્યક્તિએ પોતાના ભાઈ ની પુણ્યતિથિ નિમિત્તે ભુખ્યા ગરીબો ને સ્વાદિષ્ટ ગરમાં ગરમ ખીચડી, રજવાડી કઢી અને મોહનથાળ જરૂરીયાતમંદ લોકોને પિરસ્યુ. તેમને જણાવ્યું કે હવેના સમયમાં કોઈ પણ બિનજરૂરી ઉજવણી કરતાં સમાજ કોઈ જરુરિયાતમંદ વ્યક્તિ ની મદદ માટે ખડે પગે ઉભો રહે તો સમાજ માં ઘણા એવા લોકો છે જેમને જીવન જીવવાની હુંફ મળી રહે . જેમાં સમગ્ર રાધે-રાધે પરિવાર ગ્રુપ એ સાથ અને સહકાર આપ્યો હતો.

# આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ

આજે વિશ્વના અનેક દેશો આતંકવાદ, સીમા સુરક્ષા, વ્યાપાર, વર્ચસ્વ જેવા અનેક કારણોસર એકબીજા સાથે સંઘર્ષમાં ઉતરતા હોય છે અને ક્યારેક તો આ સંઘર્ષ એટલી હદ સુધી વધી જાય છે કે તે યુદ્ધમાં પરિણમે છે. પરંતુ શું આ યુદ્ધ એ




દરેક સમસ્યાઓનો ઉકેલ છે? દરેક સમસ્યાઓનો હંમેશા શાંતિથી ઉકેલ લાવવો જોઈએ બસ તે જ હેતુથી આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ દર ૨૧ મી સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. આ દિવસ સૌ પ્રથમ ૧૯૮૧માં ઉજવવામાં આવ્યો હતો. ન્યૂયોર્ક સ્થિત યુ.એન. હેડક્વાર્ટરમાં શાંતિ બેલ વગાડી ને શાંતિ દિવસની શરુઆત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ વૈશ્વિક એકતા અને વિશ્વ શાંતિ માટે સમર્પિત છે.

શાંતિ દિવસ એ માત્ર એક દિવસ મનાવવા પુરતો નથી પરંતુ તે દિવસો, અઠવાડિયાઓ, મહિનાઓ કે વાર્ષો સુધી ચાલતી પ્રોસેસ છે. જે લોકોના હિંસાયુક્ત મંતવ્યો ધીરે-ધીરે બદલે છે, જુના વિવાદોનો નાશ કરે છે અને જલ્દીથી નવું શાંતિરૂપી સ્ટ્રક્ચર તૈયાર કરે છે. આ પ્રક્રિયા કોઈપણ દેશની કાયાકલ્પ કરવાની અને આગળના બીજા મહાન વર્ષો તૈયાર કરવાની છે. આતંકવાદ એ હંમેશા હિંસાને ઉત્તેજન આપે છે તથા નફરત અને અસહિષ્ણુતા ફેલાવે છે. વધુમાં તે સંવેદનશીલ લોકોના મનમાં ઝેર ફેલાવે છે. આતંકવાદ, કુદરતી આફતો, વધતી ગરીબી જેવા પરિબળો હિંસાને જન્મ આપે છે, જેના કારણે લોકોમાં ભય પ્રસરે છે. જેને શાંતિ ફેલાવા માટેના બહુ જ મોટા જટિલ અવરોધો માનવામા આવે છે. કોઈપણ એક દેશ આ અવરોધોને એકલા હાથે હલ નહીં કરી શકે તે માટે દરેક દેશે સાથે મળીને શાંતિની દિશામાં અથાગ પ્રયાસો કરવા પડશે. શાંતિ અને અહિંસાના માર્ગે મહાત્મા ગાંધીજીએ ભારતને સૌથી શક્તિશાળી અંગ્રેજોથી આઝાદી મેળવવામા ખુબ મહત્વની ભૂમિકા ભજવી હતી.

શાંતિ એ વૃક્ષના મૂળ જેવી છે, જેનાથી સકારાત્મકતામાં વધારો થાય છે, વધુ સારો માનવીય અભિગમ બંધાય છે, સંબંધોમાં સુધારો આવે છે, માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો થાય છે અને ધંધા રોજગારમાં વૃદ્ધિ થાય છે. આમ જો આપણા જીવનમાં, સમાજમાં અને આસપાસ શાંતિ હશે તો આપણે પ્રગતિ ના સર્વોચ્ચ શિખરો પ્રાપ્ત કરી શકીશું. વિશ્વ અને ભારતમાં શાંતિની સ્થાપના માટે અથાગ પ્રયત્નો કરનાર વ્યક્તિઓને નોબેલ પીસ એવોર્ડ, ભગવાન મહાવીર વર્લ્ડ પીસ એવોર્ડ, ઈંદિરા ગાંધી એવોર્ડ, ગાંધી-મંડેલા એવોર્ડ જેવા વિશેષ પુરસ્કારોથી સન્માનિત કરવામા આવે છે.

વિઝન ઓફ હ્યુમનિટી ના



**પ્રસંગસર**

**જીગર એસ બારોટ**

એક સર્વે મુજબ પાછલા કેટલાક વર્ષોમાં વૈશ્વિક શાંતિમાં ઘટાડો જોવા મળ્યો છે. સરેરાશ દેશના સ્કોરમા ૦.૩૪ ટકાનો ઘટાડો થયો છે. જેમાં ૮૧ દેશોના સ્કોરમા સુધારો તથા ૮૦ દેશોના સ્કોરમા ઘટાડો થયો છે. ૨૦૨૦ ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ (જીપીઆઈ) મુજબ આઈસલેન્ડ દેશ ૧.૦ પીસ ઈન્ડેક્ષ સાથે વિશ્વનો સૌથી શાંત દેશ છે. ત્યારબાદ ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રિયા, પોર્ટુગલ અને ડેનમાર્ક આવે છે જ્યારે અફઘાનિસ્તાન ૩.૬ પીસ ઈન્ડેક્ષ સાથે સતત બીજા વર્ષે વિશ્વનો સૌથી ઓછો શાંત દેશ છે. સીરિયા, ઈરાક, દક્ષિણ સુદાન અને યમન પણ સૌથી ઓછા શાંત દેશોની કેટેગરીમાં આવે છે. ભારતનો પીસ ઈન્ડેક્ષ ૨.૬ છે જ્યારે અમેરિકાનો પિસ ઈન્ડેક્ષ ૨.૩ છે. જીપીઆઈ એ આ પીસ ઈન્ડેક્ષને ત્રણ ડોમેન્સમાં વહેચ્યા છે. સામાજિક સલામતી અને સુરક્ષાનું સ્તર - રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિરોધાભાસ - લશ્કરીકરણ.

ભારત અને ચીન સરહદે હાલ સીમા વિવાદ મુદ્દે ખુબ ગંભીર તનાવ ચાલી રહ્યો છે ત્યારે બન્ને દેશોની સરકાર સાથે બેસીને આ વિવાદનો શાંતિપૂર્વક અંત લાવે તે ખુબ જ જરૂરી છે કારણ કે કોવીડ-૧૯ મહામારી ને લીધે આપણો વિકાસદર પહેલાથી જ અટકી ગયો છે, એમાય જો યુધ્ધ થાય તો બન્ને દેશોની ખુબ મોટી ખુવારી થઈ શકે છે.

# જન્મદિને વધામણી



**જયેન્દ્રભાઈ ઠાકોરલાલ સોની**
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૬



**વિપુલ ચૌહાણ**
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨



**લીલાબેન જી સોલંકી**
મો. ૯૫૮૬૬ ૯૮૬૭૯



**સલીમ યુ મોદન**
એડવોકેટ



**રઘુભાઈ સોચા**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**પાર્વતીબેન મધુકર પરમાર**
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



**ધારા કિરીટકુમાર આસોડિયા**



**પરમાર રિંકેશકુમાર ડી**
મો. ૯૬૮૭૯ ૫૭૪૫૬



**આર્યા વિપુલકુમાર પટેલ**



**અરકાનખાન એસ પઠાણ**
મો. ૯૮૭૯૭ ૫૬૦૯૧



**કૃપાબેન મનોજભાઈ જોષી**
મો. ૯૭૨૪૫ ૧૨૦૬૬



**વૈદેહી બ્રિજેશસિંહ પરમાર**



**વૈદિકા બ્રિજેશસિંહ પરમાર**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... કોરોનાથી બચો...

# કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા પીએમના જન્મદિવસની અનોખી ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૦

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે દેશભરમાં સેવા સપ્તાહ ઉજવણવી કરવામાં રહી છે ત્યારે કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા અનોરી રીથે ઉજવણી કરવામાં આવી હતી. તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલની પ્રસૂતા બહેનોના નવજાત બાળકોને ૭ જોડી લંગોટ અને રૂમાલ આપ્યા હતા. ઉપરાંત દરેક બહેનોને શુદ્ધ ઘીનો છીરો આપ્યો હતો. શહેર મહિલા મોરચાનાં પ્રમુખ શ્રીમતી મણીબેન દેસાઈ અને પ્રિયાબેન પટેલનો આ સદ્કાર્યમાં સહયોગ મળ્યો હતો.